વડીલોને વંદન અભિનંદન

રમેશભાઈ નારાયણભાઈ પટેલ
(૧૯૩૭)ફોનઃ ૨૩૨૮૪૨૪૩

ઈન્દુબેન છબીલદાસ પરીખ
(૧૯૩૦)ફોનઃ ૨૩૨૨૭૦૫૯

રાષ્ટ્રની એકતા અને અખંડીતાને મજબુત કરવા હિંમતનગર ખાતે છેલ્લા પાંચ વર્ષથી રાષ્ટ્રીય પર્વે ક્રિકેટર મેચનુ આયોજન થાય છે. આ વખતે પણ રાષ્ટ્રીય એકતા ક્રિકેટ મેચનુ આયોજન હિંમતનગર ખાતે કોલેજ ગ્રાઉન્ડ ઉપર કરવામાં આવ્યુ હતુ જેમાં સાબરકાઠાના પાંચ ધારાસભ્યો રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર), મણીભાઈ વાઘેલા (વડગામ), અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહમા), મહેન્દ્રસિંહ બારૈયા(પ્રાંતિજ), ડૉ. અનિલ જોષીયારા(ભિલોડા) આનંદ અને ઉલ્લાસ સાથે મેચ ખેલ્યા હતા. તે ઉપરાંત જિલ્લા યુવા કોંગ્રેસ પ્રમુખ વનરાજસિંહ રાઠોડ, કોર્પોરેટર એજાજહુસેન સૈયદ, કોંગ્રેસના પ્રવકતા ફારૂક ખણુસીયા, ભાજપ લઘુમતિ મોરચાના પ્રમુખ મકબુલ પોથીગરા, આશાપુરા ડેવલોપર્સના પ્રિન્સ ચાવડા, નવાના પૂર્વ સરપંચ નલીન પટેલ તેમજ પત્રકાર મકસુદ મનસુરી, અશોક રાવલ, અવનિશ ગોસ્વામી અને શૈલેશ ચૌહાણે પણ ક્રિકેટ મેચમાં ભાગ લીધો હતો. રાષ્ટ્રીય એકતા ક્રિકેટ મેચને પૂર્વ મંત્રી રણજીતસિંહ ચાવડાએ રંગબેરંગી ફુગ્ગા આકાશમાં ઉડાડી ખુલ્લી મુકી હતી. વિજેતા ટીમ અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહયાભાઈ પટેલ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ ચંન્દ્રસિંહ ઝાલા, શહેર કોંગ્રેસ પ્રમુખ જગદીશ જયસ્વાલ અને જિલ્લા પંચાયત સભ્ય કાન્તિલાલ પરમારના હસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા. ક્રિકેટ મેચનુ આયોજન યુસુફભાઈ બચ્ચા અને કનુભાઈ ભાટી દ્વારા કરવામાં આવ્યુ હતુ. (તસ્વીરઃ- મગન વણજારા,હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના વિરોધ વચ્ચે અંદાજપત્રને બહાલી

કોંગ્રેસના સભ્યોએ વોકઆઉટ કરી અહેવાલની હોળી કરી

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં કોંગ્રેસના સભ્યોના વિરોધ વચ્ચે સત્તાધારી પક્ષે વાર્ષિક અંદાજપત્રને સર્માનુમતે બહાલી આપી મંજુર કર્યુ હતુ. કોંગ્રેસના સભ્યોએ બજેટ દિશાહિન અને પ્રજા વિરોધી હોવાનુ જણાવી સમાન્ય સભામાંથી વાંકઆઉટ કરી ઓડીટ અહેવાલની હોળી કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. સમાન્ય સભામાં બાંધકામ અને કારોબારી સમિતિ સહિત ૧૧ સમિતઓની રચના કરવામાં આવી હતી. સમિતિઓની રચનાથી ભાજપના પણ કેટલાક સદસ્યોમાં નારાજગી જોવા મળી હતી.

નાંણાકીય વર્ષ ૨૦૧૩-૧૪નુ વાર્ષિક અંદાજપત્ર રજુ કરવા તેમજ નવી સમિતીઓની પુનઃરચના માટે જિલ્લા પંચાયતાના પ્રમુખ હેમલતાબેન પટેલના અધ્યક્ષ સ્થાને તેમજ જિલ્લા વિકાસ અધિકારી રવિકુમાર અરોરાની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયતના સભા ખંડમાં મંગળવારે સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં અંદાજપત્ર રજુ કરવામાં આવ્યુ હતુ. અંદાજપત્રમાં સમાજકલ્યાણ, શિક્ષણ, જાહેરબાંધકામ અને સિંચાઈના કામો માટે રૂા. ૧૧.૭ કરોડની જોગવાઈઓ કરવામાં આવી હતી. જિલ્લા પંચાયતના સભ્યો પોતાના મતવિસ્તારના વિકાસના કામો સુચવી શકે તે માટે કુલ રૂા. ૯૪ લાખની જોગવાઈ કરવામાં આવી છે. ત્યારે કોંગ્રેસના સભ્યોએ બજેટ નિરસ અને પ્રજા વિરોધી હોવાનુ જણાવી વિરોધ પ્રદર્શિત કરી હોહા કરી મુકી હતી. તેની સાથે ઓડીટ અહેવાલમાં ખામીઓને આગળ ધરી સભામાંથી સામુહિક રીતે વાંકઆઉટ કરી ઓડીટ અહેવાલની હોળી કરી હતી. જિલ્લા પંચાયત કોંગ્રેસના સભ્ય અને ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, સભ્યો અરૂણ પટેલ, શુભેન્દ્રસિંહ

સિસોદીયા, રાજેન્દ્રસિંહ કુંપાવત, જયુભાઈ પટેલ સહિત કોંગ્રેસના સભ્યોએ ભારે વિરોધ કર્યો હતો.

સામાન્ય સભામાં ૧૧ જેટલી સમિતિઓની પુનઃરચના કરવામાં આવી હતી. જેમાં કારોબારી સમિતિમાં વનરાજસિંહ પરમાર, નરેન્દ્રભાઈ પટેલ અને રાજુભાઈ પંચાલ સહિત ૯ સભ્યોનો સમાવશે કરવામાં આવ્યો હતો. જયારે બાંધકામ સમિતિના ચેરમેન પદે હઠીસિંહ ઝાલા અને શિક્ષણ સમિતિનો કાર્યભાર શાંન્તાબેન પટેલને સોંપવામાં આવ્યો હતો.

સેક્ટર-૧૬માં અસામાજીક તત્વોનો ત્રાસ : વસાહતીઓ હેરાન પરેશાન

ગાંધીનગર, તા. ૨૯

શહેરના સેક્ટર-૧૬ દિન પ્રતિદિન અસામાજીક તત્વોનો અડ્ડો બની રહ્યું છે. સેક્ટરના શોપિંગ સેન્ટરની આસપાસ બેસતા અસામાજીક તત્વોના ત્રાસથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. સેક્ટરમાં રાત્રીના સમયે પોલીસ નાઈટ પેટ્રોલીંગ કરી આવા લુખ્ખા તત્વોને ઝડપી પાડી સબક શીખવાડે તેમ વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

શહેરના સેક્ટર-૧૬ના કેટેગરી પાસે આવેલ શોપિંગ સેન્ટર પાસે અસામાજીક તત્વો રાત્રીના સમયે ઝઘડાઓ કરી અભદ્ર ભાષાનો ઉપયોગ જોરજોરથી કરી વસાહતીઓને હેરાન-પરેશાન કરી મુકે છે. તેમજ સરકારી કેટેગરીના મકાનના બ્લોક ખાલી હોવાથી ત્યાં પણ લુખ્ખા તત્વો દ્વારા અસામાજીક પ્રવૃત્તિઓ પણ કરતા હોવાનું વસાહતીઓના ધ્યાને આવ્યું છે. જો કોઈ વસાહતીઓ દ્વારા તેમનો વિરોધ કરવામાં આવે તો ધમકીઓ પણ આ લુખ્ખા તત્વો આપે છે.લુખ્ખાઓની ધમકીથી સરકારી કર્મચારીઓને બધુ મુંગે મોઢે સહન કરવું પડે છે. અહીંયાથી પસાર થતી મહિલાઓની છેડતી પણ લુખ્ખા તત્વો દ્વારા કરવામાં આવે છે. જેથી શોપિંગ સેન્ટરમાં વસ્તુ લેવા માટે આવતા મહિલાઓ પણ શરમ અનુભવે છે. અત્યારે ઠંડીની ઋતુમાં આ તત્વો સરકારી આવાસોને નુકસાન પહોંચાડી તાપણા કરતા નજરે ચડે છે. તેમજ આસપાસના વિસ્તારમાં નાનીમોટી ચોરીઓ પણ થવા પામી છે. આવા અસામાજીક પ્રવૃત્તિ આચરતા લોકોને યોગ્ય પાઠ પોલીસ ભણાવે તેમ વસાહતીઓ કહી રહ્યા છે.

માણસા નગરપાલિકા માટે હવે ૬૧ ઉમેદવારો મેદાનમાં

ગાંધીનગર, તા. ૨૯

માણસા નગરપાલિકાની ચૂંટણીમાં આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે બે ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્ર પાછા ખેંચ્યા છે. ગઈકાલે ઉમેદવારી પત્રોની ચકાસણીને અંતે ૬૩ ઉમેદવારો મેદાનમાં હતા. આજે બે ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચતા હવે ૨૭બેઠકો માટેની આ ચૂંટણીમાં ૬૧ ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે.

૧૦મી ફેબ્રુઆરીએ આ ચૂંટણીમાં મતદાન યોજાવાનું છે. આ ચૂંટણી પ્રક્રિયામાં ઈ.વી.એમ.થી મતદાન યોજાવાનું હોવાથી તંત્રએ પણ તેની તૈયારીઓ વેગીલી બનાવી દીધી છે તો ઉમેદવારોએ તેમના પ્રચાર-અભિયાનમાં શ્રીગણેશ કરી દીધા છે.

માણસા અને પેથાપુરની પેટા-ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચેસીધોજંગ ખેલાશે. આ પરિણામો પણ નવા રાજકીય સમીકરણો ઉભા કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે તેમ રાજકીય નિરીક્ષકોનું માનવું છે.

ત્રીજી ગ્લોબલ બર્ડ વોચર્સ કોન્ફરન્સમાં હાજરી આપવા દુનિયાભરના પક્ષી નિરીક્ષકો ધોરડો આવી પહોંચ્યા

ધોરડો, તા.૨૯

કચ્છમાં ધોરડો ખાતે સોમવારે યોજાયેલી ત્રીજી ગ્લોબલ બર્ડ વોચર્સ કોન્ફરન્સ ૨૦૧૩નું ઉદઘાટન શ્રી સંજય કૌલ-આઈએએસ, કમિશનર અને મેનેજીંગ ડિરેક્ટર ગુજરાત ટુરિઝમની હાજરીમાં પ્રકૃતિવિદ અને એજયુકેટર શ્રી લવકુમાર ખાચરે કર્યુ હતું. આ કોન્ફરન્સમાં ભારતભરના બર્ડ વોચર્સ ઉપરાંત ફિલિપાઈન્સ, મલેશિયા, તાઈવાન અને બ્રિટન જેવા ૪૦દેશોના ૮૨ જેટલા આંતરરાષ્ટ્રીય ડેલિગેટસ આ ચાર દિવસની કોન્ફરન્સમાં ઉપસ્થિત રહ્યા હતાં.

આ કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ વધતા જતા આધુનિકરણને કારણેઉભા થયેલા જોખમોથી કુદરતી સૌંદર્ય અને વન્યજીવનની સુરક્ષા કરવાનો છે. આ પ્રકારની પ્રકૃતિલક્ષી કોન્ફરન્સનો ઉદ્દેશ આવા જોખમો સામે કુદરતી અને સામાજીક પર્યાવરણને ઓછામાંઓછી અસર થાય તે જોવાનો છે. કોન્ફરન્સમાં હાજર રહેલા બર્ડ વોચર્સ બીજા દિવસે કચ્છમાં છારી લેકની મુલાકાત લીધી અને પક્ષીઓની વિવિધ પ્રજાતિઓનું નિરીક્ષણ કરશે. ત્રીજા દિવસે કચ્છમાં કાળા ડુંગરની મુલાકાત લેશે ત્યારે પણ તેમને પક્ષી નિરીક્ષણની તક પ્રાપ્ત થશે.

કોન્ફરન્સના ત્રીજા દિવસે કુદરતના આ સુંદર સર્જન જેવાં પક્ષીઓનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે યોગ્ય વાતાવરણ (ઈકો-સિસ્ટમ) ટકાવવા બાબતે વિવિધ મુદ્દાઓની ચર્ચા થશે. દિવસ દરમિયાન યોજાનારી ત્રણ ચર્ચાબેઠકોમાં ગુજરાતનાં પક્ષીઓ, બર્ડ ટુરિઝમ અને બર્ડ ફોટોગ્રાફીને ધ્યાનમાંરાખીનેચર્ચાઓથશે. આ બેઠકોને ગુજરાત સરકારના પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ, વાઈલ્ડ લાઈફ ડૉ. સી.એન. પાંડે, 'પક્ષી રોકાણનાં સ્થળો અને પક્ષીઓ' વિષયે, ડૉ. રાજુ કસામ્બે, બીએનએચએસ, 'ભારત અને ગુજરાતમાં બર્ડ ટુરિઝમ' અંગે તથા શ્રી અર્પિત દેવમુરારી 'ગુજરાત : પક્ષીઓનું સ્વર્ગ' વિષયે નાહર મોહમદ-ગુજટોપ 'બર્ડવોચીંગ ડેસ્ટીનેશન તરીકે ગુજરાત ક્ષમતાનુંમૂલ્યાંકન' વિષયેસંબોધન કરશે.

આવતી કાલે ગુજરાત રાજયનું રાજપૂત સંમેલન યોજાશે

ક્ષત્રિય યુવક સંઘના સ્થાપક પૂ.શ્રી તનસિંહજીની જન્મ જયંતિ નિમિત્તે ગુજરાત રાજયનું રાજપૂત સંમેલન તા.૩૧મી જાન્યુઆરી ૨૦૧૩ને ગુરૂવારે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન રામકથા મેદાન, પથિકાશ્રમની પાછળના ભાગમાં મુખ્ય પ્રવેશ દ્વાર, ચ-૩ થી ઘ-૩ રોડ ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે યોજાશે.

ભૂતપૂર્વ સંસદ સભ્ય, ક્ષત્રિય સમાજના મહાન સંગઠક અને ક્ષત્રિય યુવક સંઘના સ્થાપક સ્વ. પૂ. શ્રી તનસિંહજીની જન્મ જયંતિ નિમિત્તે ગુજરાતભરના રાજપૂત ભાઈઓ-બહેનોનું એક સંમેલન રાજયની રાજધાની ગાંધીનગર ખાતે રામકથા મેદાન, સેકટર-૧૧માં યોજાશે. જેમાં અખિલ ભારતીય સંઘના પ્રમુખ ભગવાનસિંહજી, વિરોધ પક્ષના નેતા શંકરસિંહજી વાઘેલા, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજયકક્ષા મંત્રી પ્રદીપસિંહ જાડેજા ઉપસ્થિત રહેશે.

અમદાવાદ ખાતે ખાદી ઉત્સવનો શુભારંભ : વિવિધ કાર્યક્રમો યોજાશે

અમદાવાદ, તા.૨૯

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અમદાવાદ દ્વારા ખાદી ગ્રામોદ્યોગ આયોગ-મુંબઈના સહયોગથી અમદાવાદ એજ્યુકેશન સોસાયટી ગ્રાઉન્ડસ, ટી.વી. ટાવરની પાછળ, વસ્ત્રાપુર- બોડકદેવ ક્રોસ રોડ, બોડકદેવ, અમદાવાદ ખાતે આયોજિત 'ખાદી ઉત્સવ ૨૦૧૩'નું શુભ ઉદ્‌ઘાટન મંત્રી સૌરભ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ મેળામાં પ્રદર્શનમાં કુલ ૨૫૦ જેટલા સ્ટોલ રાખવામાં આવેલ છે. જેમાં ખાદી, ગ્રામોદ્યોગ, માટીકામ, લેધર તેમજ અન્ય સ્ટોલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ખાણી-પીણી તેમજ બાળકો માટે એમ્યુઝમેન્ટ પાર્કની વ્યવસ્થા રાખેલ છે. તેમજ મહાત્મા ગાંધી તથા સ્વામી વિવેકાનંદની ફિલોસોફી ઉપર આધારીત થીમ પેવેલીયન પણ બનાવવામાં આવેલ છે. તથા આ પ્રદર્શનમાં જાહેર રજાના દિવસો દરમ્યાન ખાદી ફેશન શૉ, બાયર-સેલર મીટ, સાંસ્કૃતિ કાર્યક્રમો, ગીત-સંગીત વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉદ્‌ઘાટન સમારોહના અધ્યક્ષ સ્થાને ખાદી અને ગ્રામોદ્યોગ આયોજના ચેરમેન દેવેન્દ્રકુમાર દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા તો અતિથિ વિશેષ પદે ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન વાડીભાઈ પટેલ, અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનના મેયર અસિતભાઈ વોરા, ખાદી ગ્રામોદ્યોગ સંસ્થા સંઘના પ્રમુખ મનુભાઈ મહેતા તેમજ કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના કમિશ્નર અને સચિવ અરૂણભાઈ સોલંકી તેમજ ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના સ્ટેટ ડાયરેકટર સંજય જી. હેડાઉ તથા ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સભ્ય સચિવશ્રીઓ રવિ હાજર રહ્યા હતા.

આ પ્રદર્શનમાં ખાદી વણાટને લગતી વિવિધ વસ્તુઓ જેવી કે ખાદી વસ્ત્રની વિવિધ ડિઝાઈનવાળા કાપડ, રેડીમેડ કપડા, બેડ-શીપ, પીલો કવર, કુશન કવર, આસનપટ્ટા, શેતરંજી, ટોવેલ, હાથ રૂમાલ, કાર માટેના તેમજ સાફાસેટ માટેના કવર વગેરેનું વેચાણ તથા પ્રદર્શન રાખેલ છે. આ ઉપરાંત ગ્રામ્ય કારીગરો દ્વારા ઉત્પાદિત ગ્રામોદ્યોગની ગૃહઉપયોગી ચીજ-વસ્તુઓ જેવી કે મસાલા-પાપડ, અથાણા, અગરબત્તી, સાબુ, શેમ્પુ, શરબત, આયુર્વેદીક પ્રોડકટસ વગેરેનું પ્રદર્શન સહ વેચાણ થાય છે.

નો-રીપીટની થીયરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉમેદવારો જાહેર કરવામાં આવે તેવી શકયતાઓ છે.

બીજી તરફ ભાજપ ૩૦મીએ સાંજે અથવા ૧લીની સવારે પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરશે. જિલ્લા ભાજપના આગેવાનો આ માટેની કવાયતમાં વ્યસ્ત છે અને તેણે પણ ૨૫ જેટલા ઉમેદવારોની પસંદગી પુરી કરી લીધી છે જે છ બેઠકો બાકી છે તેની પસંદગી આજે મોડી સાંજ સુધીમાં સંપન્ન થઈ જશે તેમ જાણવા મળેલ છે.

બંને પક્ષો તાલુકા પંચાયતની ચૂંટણીમાંવિકાસની વાતો કરીઅનેમિત્ર મંડળનું રાજકારણ ખેલશે તેમ રાજકીય નિરીક્ષકોનું માનવું છે. જો કે સંભવિત ઉમેદવારોનેજરુરી સૂચનાઓ ખાનગીમાં અપાઈ ગઈ હોવાથી ઉમેદવારોદ્વારા રાત્રિ જગા કરી ખાટલા પરિષદો યોજવાનો આરંભ કરી દીધો છે. આ ચૂંટણીમાં ખર્ચની મર્યાદા પણ ચૂંટણી પંચે નિયત કરી હોવાથી ઉમેદવારો જાહેર કરવામાં બંને પક્ષો રાહ જુએ તેવી શકયતાઓ પણ નકારી શકાય નહિ.

બીજી તરફ રાજકીય નિરીક્ષકોમાં થતી ચર્ચાઓ મુજબ ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૧ બેઠકો પૈકી વિધાનસભાની સંપન્ન થયેલ ચૂંટણીમાં ભાજપને ૧૩ બેઠકોમાં જ બહુમતિ પ્રાપ્ત થઈ હતી.

જો કે કોંગ્રેસના આગેવાનો આ વખતની ચૂંટણીમાં ૨/૩ બહુમતિથી વધુ બહુમતી મેળવવાની આશા વ્યકત કરતાં જણાવે છે કે ચારથી પાંચ બેઠકોમાં ભાજપની બહુમતિ સાધારણ હતી તેમજ તે રાજયના પ્રશ્નોને ધ્યાને રાખી લડાતી ચૂંટણી હતી પરંતુ આ ચૂંટણી સ્થાનિક પ્રશ્નોને ધ્યાને રાખી લડાતી હોય છે અને સ્થાનિક નેતૃત્વ વધુ સક્રિય બનાવી અમે આ પરિણામ અમારી બાજુ પલ્ટાવી શકીશું.

બંને પક્ષમાં આંતરિક જૂથવાદ એટલો જ પ્રસરેલો છે પણ રાજકીય ચહેરા-મ્હોરા કોણ સફળતાપૂર્વક ગોઠવી અને જંગ જીતે છે તે તો સમય જ કહી શકશે.

આ ચૂંટણી જંગ જિલ્લાના રાજકારણમાં નવાં સમીકરણો રચશે એ વાત નિશ્ચિત બની છે. બંને પક્ષોએ ચૂંટણી પ્રચારની વ્યુહરચના પણ તૈયાર કરી દીધી છે જો કે તે અંગે બંને પક્ષો અત્યારે તો મૌન સેવી રહ્યા છે.

જળયાત્રા યોજાશે..

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહી દીધું છે. નર્મદા યોજનાના અણઘડ આયોજનને કારણે પ્રજા ખૂબ મુશ્કેલીનો સામનો કરી રહી છે. અમે પ્રજાની સાથે રહીને છેલ્લા છ વર્ષમાં પીવાના પાણીનું આયોજન કેમ ન થયું તેનો જવાબ જલયાત્રા દરમિયાન સરકાર પાસે માગીશું. સરકારે ''નર્મદા અવતરણ યોજના'' જેવા રૂપકડા નામો આપીને લોકો સાથે છેતરપિંડી કરી છે. નર્મદા યોજનામાં રાજકારણ લાવીને રૂપાળા નામો અને મોટી મોટી વાતો કરીને પ્રજાને મૂર્ખ બનાવવાનું ભાજપ સરકારે કરેછે ત્યારે લોકો હવે સરકાર પાસે તેનો જવાબ માગશે.

રીક્ષા ગેંગ..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હેબતાઈ ગયેલી મહિલાએ આ બનાવની જાણ પોલીસને કરતાં સે-૨૧ પી.આઈ. એસ.ડી. પટેલે તાત્કાલિક મેસેજ પાસ કરીને માર્ગો પર રિક્ષા ચેંકીંગ શરુ કરાવી દીધી હતી પરંતુ ત્યાં સુધીમાં રિક્ષા ગેંગ રફુચક્કર થઈ ગઈ હતી. પોલીસે કોલવડાની મહિલાની ફરિયાદને આધારે ગુનો નોંધી રિક્ષા ગેંગને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

ઈમ્પેક્ટ ફી ફોર્મ ભરાયા..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવેલી ગેરકાયદે બાંધકામ કરેલી મિલકતોને નિયમિત કરવા માટે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળે તા. ૨૯ મે ૨૦૧૨થી ઈમ્પેક્ટ ફીના ફોર્મનું વિતરણ શરૂ કર્યા પછી આજ દિન સુધીમાં મિલકતધારકો ૫૧૬૮ ફોર્મ લઈ ગયાં પછી માત્ર ૧૦૫૫ ફોર્મ ભરાઈને પરત આવ્યાં છે. હવે સરકારનું માર્ગદર્શન આવી ગયાં પછી તેની ચકાસણી કરીને અરજદારે કેટલી ફી ભરવાની થાય છે. તે બાબત નક્કી કરીને અરજદારને જાણ કરવામાં આવશે. અધિકારી સુત્રોના જણાવવા પ્રમાણે ફોર્મ લી ગયા પછી તે ભરીને અને જરૂરી દસ્તાવેજ જોડીને પરત કરવામાં મિલકતધારકો ભારે ઉદાસીનતા દાખવી રહ્યાં છે. બીજી બાજુ ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૯મી ફેબ્રુઆરી નક્કી કરવામાં આવી હોવાથી આ મુદત પુરી થવા આડે માત્ર ૨૧ દિવસ બાકી રહ્યા છે.

શબ્દાવલી - ૪૯૬૪



આડી ચાવી

૧. આજીવીકા (૪)
૬. ઉનુ (૩)
૭. પ્રસંગ (૪)
૯. પગની પાવડી (૩)
૧૦. હરણ, એક પ્રાણી (૨)
૧૧. આયોજન પ્રમાણે (૫)
૧૬. વહાણ, બોટ (૨)
૧૭. રાત્રિ, નશા (૩)
૧૮. બિમાર (૪)
૨૦. પાછું આવવું તે (૩)

ઊભી ચાવી

૧. વધુ ગંદકીના કારણે... ફાટી નીકળે છે (૪)
૨. એક વન્ય પ્રાણી (૩)
૩. ગામડાનો માણસ (૪)
૪. નૈયા, હોડી (૨)
૫. રસ્તો (૩)
૮. ધન-સંપત્તિથી ભરપૂર (૩)
૧૨. ધરાશયી (૫)
૧૩. ઓરી અછબડા નીકળે ત્યારે... પધાર્યા છે તેમ કહેવાય (૫)
૧૪. મનાઈ, પ્રેતાત્માને રોકવા હનુમાનજીની... અપાય (૨)
૧૫. ઉપકાર, સદ્‌ભાગ્ય (૪)
૧૬. કામના (૩)
૧૮. ગાઢ, ખુબ જ (૨)

શબ્દાવલી ૪૯૬૩ના જવાબ

આડી ચાવી :- (૧) કટીમેખલા (૫) માતા (૭) લીમડો (૮) જપતપ (૧૦) મશરૂમ (૧૧) ગરાસ (૧૪) ડામ (૧૫) પોરો (૧૬) આડોડાઈ (૧૮) પોખરા (૧૯) વિતરાગ (૨૦) નકોરડો (૨૧) જત

ઊભી ચાવી :- (૧) કલીયુગ (૨) ટીમ (૩) મેડો (૪) લાજશરમ (૫) માતમ (૬) તાપ (૯) પરૂ (૧૨) રાફડો (૧૩) પરોણાગત (૧૪) ડાઈ (૧૫) પોખરાજ (૧૬) આવન (૧૭) ડામર (૧૮) પોત

ગાંધીકથા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમયમાં નારી જાગૃતી સાબરમતીના જાદુગરે લાવી.
જાગ નારી રે !
ભારતની નારી !
તિમિરને વિદારી !
ચેતન ચિનગારી
જાગ નારી રે !
અહિંસક લડત મહાન તેમાં તારું ખાસ સ્થાન
શીશ ફૂટે ધ્વજ ન છૂટે, તારી એ બલિહારી

ગાંધીજીને કોઈ દુશ્મન ન હતા. પણ બીજાઓની સાથે મતભેદ હતા. મતભેદનો ઉકેલ કરતા. ગાંધીએ મહમદઅલી ઝીણાને કહ્યું હતું કે તમે મુસ્લીમોનો સાથ લઈ કામ કરવાના હો તો તમે મારા પીર તેવી જ રીતે ડૉ. આંબેડકરને કહ્યું હતું કે તમે અશ્પૃશ્યોનો સાથ લઈને કામ કરવાના હો તો તમે મારા હીરો. આ બન્ને મતભેદોમાં ગાંધીજી બાંધછોડ કરવા માગતા ન હતા. બધી જ કોમ-જાતી-ધર્મનો સહકાર લઈ ગાંધીજી કામ કરવાનું માનવાવાળા હતા. ગોળમેજી પરિષદમાં અંગ્રેજોએ પ્રયત્ન કર્યા, કે હિન્દુ-મુસ્લિમ તેમજ દલીતો-હિન્દુઓ ને મેળ પડતો નથી આવું ખોટું વિભાજન કરવાનું કરતા. ગાંધીજી માનવ માત્રને એક સમાન માનતા હતા. ગોળમેજી પરિષદમાં આ પ્રશ્નનો નિકાલ આવ્યો નહીં. અલગ મતદાન દલીતો માટે આપવામાં આવશે ત્યારે હું વિરોધ કરીશ. અશ્પૃશ્યોને અલગ મતદાન આપવાનું નક્કી થયું ત્યારે ગાંધીજીએ આમરણ ઉપવાસ શરૂ કર્યા. ગાંધીજીએ ડૉ. આંબેડકરને કહ્યું કે તમે જન્મથી દલીત છો હું મારી પસંદગીથી દલીત છું. ઉપવાસના છ દિવસમાં દેશમાં જાગૃતી આવે છે. દેશમાં અનેક મંદિરોમાં દલીતોને મંદિર દર્શનમાં પ્રવેશ મળે છે. સ્વરાજ મળ્યા પછી પ્રધાનમંડળની રચનાની યાદી ગાંધીજીની વંચાવવા જવાહરલાલ નહેરૂ ગયા ત્યારે યાદીમાં છેલ્લું નામ બી.આર. આંબેડકરનું ઉમેરે છે, ત્યારે જવાહરલાલ વિરોધ કરે છે. વિરોધનો જવાબ ગાંધીજી આપે છે કે તમારે કોંગ્રેસનું પ્રધાન મંડળ કરવું છે કે દેશનું પ્રધાન મંડળ કરવું છે. ગાંધીજીની મહાનતા અહીં દેખાય છે પણ આપણે આપણા ગજ મુજબે ગાંધીને માપીએ છીએ. અનેક મતભેદો ગાંધીએ ઉકેલ્યા તે અંગેનું ગીત

મને જે માને છે શત્રુ તે ય મારા મિત્ર
મારો અને એનો નાતો પરમ પવિત્ર
પોતીકાં જો સર્વ માન્યા, કોણ રહે પારકા ?
એક માત-તાત કેરાં સહુ બાળ સરખાં.
મતભેદ છોને હોયે મનભેદ શાને ?
અંતરના ઊંડાણમાં જે અભેદ ને માણે.
જે કરે છે મારી નિંદા તેને હું વખાણું.

ભગતસિંહની ફાંસીની સજાને ઓછી કરવા માટે ગાંધીજીએ છ વખત પ્રયત્નો કર્યા હતા. ભગતસિંહ સાથે ગાંધીજીનો કોઈ મન ભેદ ન હતો. ૧૯૩૭-૩૮માં પ્રાંતીય સ્વરાજ થયું ૧૧માંથી ૮ પ્રાંતોમાં કોંગ્રેસનું રાજ થયું. જ્યાં કોંગ્રેસ રાજ ન હતું તેવા બંગાળ અને પંજાબમાં ગાંધીજીએ વધુ કામ કર્યું. બંગાળને પંજાબના પ્રધાનોને અપીલ ગીત દ્વારા

હવે એ જાગ્યા ત્યાર સવાર થઈ છે
ભલે એ વાટ ભૂલ્યા હો, પંથ ચૂક્યાહો
દૃષ્ટિ હવે બદલાઈ ગઈ છે
વહાલા આ દેશને નામે
તો તમે ચોક્કસ જાણજો, મારૂ માનજો
એવા એમની દેશને કાજ અર્પાઈ ગઈ છે

૧૯૪૨ ઓગષ્ટની ૮મી ૯મી તારીખ વચ્ચેની રાતે મહાદેવભાઈ અને કસ્તુરબા ગૂસપૂસ વાતો કરતાં હતાં કે બાપુને ગીરફતાર કરશે ? કરેંગે યા મરેંગે નો મંત્ર આપનાર બાપુએ કહ્યું કે આ વખતે આ લડાઈમાં હું પકડાઈશ જેલમાં જઈશ તો આજીવન ઉપવાસ એ પણ નિર્જળા ઉપવાસ કરીશ. પુનાની આગાખાન પેલેસ જેલમાં ગાંધીજીને પુરવામાં આવે છે. સુશીલાનાયર કારાવાસની કહાની પુસ્તકમાં લક્ખું છે કે મહાદેવભાઈનું મુખ કરમાયેલું લાગે છે. આગાખાન પેલેસ જેલમાં મહાદેભાઈનું મૃત્યુ થાય છે. અગ્નિદાહ ગાંધીજી આપે છે. પોકેપોક રૂદન કસ્તુરબા કરે છે. બિમારી વખતે લાહોરના પંડિત શિવશર્માની આયુર્વેદ દવા લેતા હતા. ગાંધીજીના પુત્રોમાં મણિલાલ ગાંધી દ. આફ્રિકા હતા. પણ રામદાસ ગાંધી, દેવદાસ ગાંધી, હરિલાલ ગાંધી બાની બિમારી વખતે ખબર કાઢવા દોડી આવતા હતા. ૨૨મી ફેબ્રુઆરી ૧૯૪૪ના રોજ કસ્તુરબાનું નિધન થાય છે. રવિન્દ્રનાથ ટાગોરે કુસ્તુરબાની વિદાય પ્રસંગે કવિતામાં લખ્યું છે કે-

આવી ને ચાલી ગઈ, રે પ્રીત મારી આવીને ચાલી ગઈ
બારમિયાં ખોલી ગઈ, હાથે ફરી બારણિયાં ખોલી ગઈ.
ચાલી ગઈ વેણ નાખી છેલ્લેરાં
જિંદગીના કાંટા મેલી આઘેરાં
રે પ્રીત મારી આવીને ચાલી ગઈ.

અહીં આજે ગાંધીકથાના ચોથા દિવસનો વિરામ થાય છે.

જાહેર નિવિદા

માહિતી કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા (૧) બીન ઉપયોગી ઈલેક્ટ્રોનિક્સ સાધનોના નિકાલ માટે ફક્ત ગુજરાત રાજય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઈવેસ્ટ ડીસમેન્ટલર અથવા રીસાયકલર તરીકેનું અધિકૃત પ્રમાણપત્ર ધરાવતી પેઢીઓ પાસેથી તથા (૨) અન્ય બીનઉપયોગી માલ-સામાનના નિકાલ માટે ટેન્ડર બહાર પાડી ભાવો મંગાવવામાં આવ